# રાષ્ટ્રીય કિસાન દિવસ




## શુભેચ્છા સંદેશ

કૃષિપ્રધાન આપણા ભારત દેશની પ્રગતિ અને ઉન્નતિમાં ખેતી અને ખેડુતોનું મહત્વનું યોગદાન છે. આઝાદ ભારતે અનુભવેલી અને અપનાવેલી હરિત ક્રાંતિ, શ્વેત ક્રાંતિ અને અન્ય કૃષિ સંલગ્ન સફળતાઓ કૃષિલક્ષી વિકાસ તથા આપણી સાંસ્કૃતિક ધરોહર માટે પ્રેરણારૂપ છે. અન્નદાતા ખેડુતોના અથાગ પ્રયત્નોથી સાકાર થયેલ આ સ્વાવલંબી અભિગમને સન્માનીત કરવા તથા તેમનો આભાર પ્રગટ કરવા માટે રાષ્ટ્રીય કક્ષાએ દર વર્ષે ૨૩મી ડીસેમ્બરના રોજ કિસાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દેશના પાચમા પ્રધાનમંત્રી અને ખેડૂત માનનીય સ્વ. શ્રી ચૌધરી ચરણસિંહજીના ખેડૂતો પ્રત્યેના લગાવ અને તેમના માટે કરેલ અથાગ પ્રયત્નોને ધ્યાને રાખી તેમના જન્મદિવસે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષના કિસાન દિવસની થીમ “Igniting Young Minds by Innovative Farmers” એટલે કે “પ્રગતિશીલ ખેડૂતો દ્વારા યુવા માનસની પ્રજ્વલિતતા” છે.

ગુજરાત રાજ્ય અને ભારત દેશના કૃષિ વિકાસમાં આણંદ કૃષિ યુનિવર્સિટી અવિરત રીતે કાર્યરત છે. ખેતી અને ખેડૂતોના હિતને વરેલી અને તે માટે કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ થકી ખેડૂતોના આર્થિક અને સામાજીક ઉત્થાન માટે આણંદ કૃષિ યુનિવર્સિટી સતત પ્રયત્નશીલ છે. આજના કિસાન દિવસે માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા તથા યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, વૈજ્ઞાનિકો, શિક્ષકો તથા કર્મચારીઓ તરફથી સર્વે ખેડૂતોને શુભેચ્છાઓ.